BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

# ECOM 101/ ECOS 101

# પ્રારંભિક અર્થશાસ્ત્ર

વિભાગ

# 1

## અર્થશાસ્ત્રનો પરિચય અને વિભિન્ન આર્થિક ખ્યાલો

એકમ-1 અર્થશાસ્ત્રનો પરિચય-I

એકમ-2 અર્થશાસ્ત્રનો પરિચય-II

એકમ-3 અર્થશાસ્ત્રની વિશિષ્ટ વિભાવનાઓ અને ખ્યાલો

## *વિભાગ પરિચય*

# 1 અર્થશાસ્ત્રનો પરિચય અને વિભિન્ન આર્થિક ખ્યાલો

**એકમ : 1** અર્થશાસ્ત્રની વ્યાખ્યા, સ્વરૂપ, કાર્યક્ષેત્ર

**એકમ : 2** એકમલક્ષી અને સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર- અર્થ, સંબંધ, તફાવત, ઉપયોગીતા

**એકમ : 3** મૂડી, સંપત્તિ, તુષ્ટિગુણ, સેવા, ઉત્પાદન, માંગ, પુરવઠો, જથ્થો, મૂલ્ય, કિંમત, બજાર, રાષ્ટ્રીય આવક

**એકમ 1**

# અર્થશાસ્ત્રનો પરિચય - 1

## : રૂપરેખા :


**1.0 અભ્યાસના ઉદ્દેશો**

**1.1 પ્રસ્તાવના**

**1.2 અર્થશાસ્ત્રનો ઇતિહાસ**

**1.2.1 સંપત્તિનું શાસ્ત્ર**

**1.2.2 કલ્યાણનું શાસ્ત્ર**

**1.2.3 સ્વાર્થનું શાસ્ત્ર**

**1.2.4 અછતનું શાસ્ત્ર**

**1.2.5 પસંદગીનું શાસ્ત્ર**

**1.3 પ્રો. લાયોનલ રોબિન્સની વ્યાખ્યા**

**1.4 અર્થશાસ્ત્રનું સ્વરૂપ**

**1.4.1 અર્થશાસ્ત્રએ વિજ્ઞાન છે.**

**1.4.2 અર્થશાસ્ત્ર સામાજીક વિજ્ઞાન છે.**

**1.4.3 અર્થશાસ્ત્ર વાસ્તવલક્ષી વિજ્ઞાન છે.**

**1.4.4 અર્થશાસ્ત્ર આદર્શલક્ષી વિજ્ઞાન છે.**

**1.4.5 અર્થશાસ્ત્ર કલા (Arts) છે.**

**1.5 ઉપસંહાર**

**1.6 ચાવીરૂપ શબ્દો**

**1.7 તમારી પ્રગતિ ચકાસો**

**1.8 કેટલાંક ઉપયોગી પુસ્તકોની યાદી**


## 1.0 અભ્યાસના ઉદ્દેશો

(i) આ એકમનો અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થી મિત્રો તમે અર્થશાસ્ત્ર વિષયને સરળતાથી સમજી શકશો.

(ii) અર્થશાસ્ત્રનો અર્થ, ઇતિહાસ, અર્થશાસ્ત્રીઓનો ફાળો, વિવિધ વ્યાખ્યાઓ વગેરે વિગતવાર જાણી શકાશે.

(iii) અર્થશાસ્ત્ર વાસ્તવિક વિજ્ઞાન છે કે આદર્શલક્ષી વિજ્ઞાન છે? તેની જાણકારી મેળવી શકાશે.

(iv) અર્થશાસ્ત્ર માનવીના આર્થિક વર્તનનો અભ્યાસ કરતું હોવાથી તેના વિવિધ પાસાઓ, મુદ્દાઓ, અસર કરતા પરિબળો વગેરેની વિસ્તૃત જાણકારી મેળવી શકાશે.

(v) અર્થશાસ્ત્રમાં પસંદગી અને અછતનો પ્રશ્ન કઇ રીતે ઉદ્ભવે છે? તેની વિગતવાર માહિતી જાણી શકાશે.

(vi) એકમલક્ષી અર્થશાસ્ત્ર અને સમગ્રલક્ષીનો અર્થ, બંને વચ્ચેનો સંબંધ, બંને વચ્ચેનો તફાવત વગેરે બાબતો આ એકમ દ્વારા જાણી શકાશે.

(vii) અંતે, મિત્રો આ એકમનો અભ્યાસ કર્યા બાદ આપ સૌને અર્થશાસ્ત્ર વિષયનું તલસ્પર્શી જ્ઞાન સરળતાથી પ્રાપ્ત થશે.

## 1.1 પ્રસ્તાવના

સામાન્ય રીતે અર્થશાસ્ત્ર વિષય અન્ય વિષયો કરતા જુદો પડતો વિષય છે. કારણ કે અર્થશાસ્ત્રને પોતાની અલગ પરિભાષા છે. આ પરિભાષાને લીધે આપ સૌ વિદ્યાર્થી મિત્રોને આ વિષય અઘરો કે ભણવો મુશ્કેલ છે પરંતુ, આ વિષય અને તેના વિષયવસ્તુની સમજૂતી મેળવ્યા બાદ આપણને ગમવા લાગે છે. સામાજીક વિજ્ઞાનોમાં અર્થશાસ્ત્ર જીવંત વિષય છે, તેમાં રોજબરોજ સતત સુધારાઓ આવે છે. તો, ચાલો આપણે સાથે મળીને આ જ્ઞાન વધારનારા વિષયને સરળતાથી સમજીએ.

'અર્થશાસ્ત્ર' ને અંગ્રેજીમાં "Economics" કહેવાય છે. જેઓ અર્થશાસ્ત્ર વિષયને નથી જાણતા તેઓને પ્રશ્ન પૂછીએ કે અર્થશાસ્ત્રને અંગ્રેજીમાં શું કહેવાય ? તો જવાબ મળશે. "ECONIMICS" અને કોઇ જાણકારને પૂછીએ કે ECONOMICS ને ગુજરાતીમાં શુ કહેવાય? તો જવાબ મળશે 'અર્થશાસ્ત્ર' ભલે આ બન્ને શબ્દો એકબીજાના પર્યાય લાગે પરંતુ, બંને જુદી જુદી વાત વ્યાખ્યાયિત કરે છે ચાલો જોઇએ.

'અર્થશાસ્ત્ર' બે શબ્દોનો બનેલો શબ્દ છે. જેમાં 'અર્થ' અને 'શાસ્ત્ર' નો સમાવેશ થાય છે. 'અર્થ' એટલે 'નાણું' અને 'શાસ્ત્ર' એટલે 'સમજણ'. ટૂંકમાં નાણાંની વાપરવાની સમજણ. હવે જુઓ સંપૂર્ણ વિશ્વમાં નાણાંને વાપરવાની સમજણ કયા વ્યક્તિમાં ને શોધવા જોઇએ તો કોઇ જ ન મળે. એટલે કે અર્થશાસ્ત્ર જન્મજાત વિષય છે. હવે નાણાંને વાપરવાની શું સમજણ હોવી જોઇએ? એટલે કે સામાન્ય ભાષામાં 'નાણું કયાં, કેવી રીતે અને કેટલા પ્રમાણમાં વાપરવું ? તેની સામાન્ય સમજણ એટલે અર્થશાસ્ત્ર'. છે ને આ સમજણ આપણા સૌમાં, પોતાના ખિસ્સામાં રહેલું નાણું કઇ જગ્યાએ વાપરવું, કયાં વાપરવું તેની આપણને સૌને બરાબર ખબર છે. આપણે સૌ એ પણ જાણીએ છીએ કે નાણું એવી રીતે વાપરવું કે જેમાંથી વધુમાં વધુ સંતોષ પ્રાપ્ત થાય અને અંતિમ સરસ વાત કે આપણા ખિસ્સામાં અમર્યાદિત નાણાં નથી કે ગમે તેટલા વાપરી શકાય પરંતુ નાણાંના પ્રમાણ મર્યાદિત છે તેથી, કેટલાં નાણાં વાપરવા આ સમસ્યા ઉદ્‌ભવે છે. મિત્રો, હવે કોઇ આપણને પૂછે કે અર્થશાસ્ત્ર એટલે શું ? તો તેનો જવાબ શું આપશો ? તો 'નાણાંને કયાં, કેવી રીતે અને કેટલા પ્રમાણમાં વાપરવાની સામાન્ય સમજણ એટલે અર્થશાસ્ત્ર'.

બીજો અંગ્રેજી શબ્દ છે 'ECONOMICS' જે લેટિન ભાષામાંથી ઉતરી આવેલો શબ્દ છે. જેના બે ભાગ પાડી શકાય. એક "ECONO" અને બીજો "MICS". લેટિન શબ્દ "ECONO" નો અર્થ થાય છે. 'ઘરનો વહીવટ' જેને અંગ્રેજીમાં કહેવાય છે. "Administration of Home" અને બીજો શબ્દ MICS નો અર્થ થાય છે. બધી જ બાબતોમાં વહીવટ કરે એટલે કે, માત્ર ઘરનો વહીવટ જ નહી પરંતુ, ઘર ઉપરાંત કાર્યાલય, કારખાનુ, કંપની, કાર્યક્ષેત્ર, કોર્પોરેટ જગત, કે કોઇપણ કાર્ય કરવાનું ક્ષેત્ર. જોયું ને મિત્રો, વિશ્વમાં બધે જ વહીવટ (Administration) થી કાર્ય ચાલે છે પરંતુ આ વહીવટ એટલે શું? તે જવાબ મેળવવા જોઇએ તો ખ્યાલ આવે કે નાણું કયાં, કેવી રીતે અને કેટલા પ્રમાણમાં વાપરવું તેની સામાન્ય સમજણ એ શીખવી પડતી નથી. આ સમજણ જન્મજાત બધામાં હોય જ છે. તમને તમારી આટલી જિંદગીમાં કોઇ એવો માનવી મળ્યો છે કે જેને નાણાં ગણતા ન આવડતું હોય, ઓળખતા ન આવડતું હોય, વાપરતા ન આવડતું હોય કદાચ કોઇ નહી !

જોયુને મિત્રો, અર્થશાસ્ત્રની સમજ કેટલી સાદી અને સરળ છે !

## 1.2 અર્થશાસ્ત્રનો ઇતિહાસ :

વિદ્યાર્થી મિત્રો, બહું જ ઊંડુ વિચારીને જોવા જેઇએનો ખ્યાલ આવે કે અર્થશાસ્ત્રનો જન્મ જ્યારે માનવજાતની શરૂઆત થઇ હશે, ત્યારની જ થયો હશે, કારણ કે વપરાશ કરવાની કે ઉપભોગ કરવાની વૃત્તિ માનવજાતમાં જન્મજાત જ હોય છે, તેથી જ કહી શકાય કે માનવસૃષ્ટિની રચનાની સાથે સાથે અર્થશાસ્ત્રની રચના જાણ્યે-અજાણ્યે થઇ હશે. તેમ છતા, ઇતિહાસ જોઇએ તો અર્થશાસ્ત્રની

શરૂઆત ઇ.સ. પૂર્વે ચોથી સદીમાં (371 વર્ષ પૂર્વે) ચાણક્ય નામના મહાન ભારતીય તત્ત્વચિંતકે અર્થશાસ્ત્ર અર્થનીતિ અને અર્થનીતિશાસ્ત્રની વિશેષ સમજણ આપી હતી. તેથી ચાણક્યને (લોન, કૌટીલ્ય, વિષ્ણુગુપ્ત) આપણે "અર્થશાસ્ત્રના દાદા" તરીકે ઓળખાવી શકીએ પરંતુ, ચાણક્યના મૃત્યુ (ઇ.સ. પૂર્વે 283 વર્ષ) પછી તેની ધરોહર સંભાળી શકે તેવું કોઇ હેતુ નહીં, પરિણામે કહી શકાય કે ચાણક્યના મૃત્યુ પછી અર્થશાસ્ત્રનું પણ મૃત્યુ થયું.

ઇ.સ. 1776માં પ્રો. એડમ સ્મિથે (જન્મ-1723, મૃત્યુ-1790) "An Inquiry into the nature and causes of the wealth of Nation" નામનું પુસ્તક પ્રકાશિત કર્યું. પ્રો. એડમ સ્મિથ સ્કોટલેન્ડના મહાન અર્થશાસ્ત્રી અને ફિલોસોફર ગણાય છે. તેથી જ પ્રો. એડમ સ્મિથને 'અર્થશાસ્ત્રના પિતા' તરીકે ઓળખવામાં આવે છે જો કે, અર્થશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિશેનું લખાણ તેમની પહેલાના તત્ત્વચિંતકો એરિસ્ટોટલ, પ્રો.ડેવિડ હ્યુમ, પ્રો. હેચસન, પ્રો. બુંકો, પ્રો. માન્ડેવીલે વગેરેમાં જોવા મળે છે. પરંતુ અર્થશાસ્ત્ર વિષયને વ્યવસ્થિત સ્વરૂપે વિશ્વ સમક્ષ મુકવાનું પ્રો. એડમ સ્મિથના ફાળે જાય છે. તેથી જ તેને 'અર્થશાસ્ત્રના પિતા' કહેવામાં આવે છે. પરંતુ ચાણક્ય અર્થશાસ્ત્રના દાદા છે તે આપણે ન ભૂલવું જોઇએ.

પ્રો. એડમ સ્મિથે 1776માં જે પુસ્તક "Wealth of Mation" લખ્યું છે તેને ગુજરાતીમાં "સંપત્તિનું શાસ્ત્ર" કહેવાય છે. પ્રસ્તુત પુસ્તકમાં પ્રો. સ્મિથે પાંચ બાબતો પર ધ્યાન આપેલ છે. જેમાં સંપત્તિનું શાસ્ત્ર, કલ્યાણનું શાસ્ત્ર, સ્વાર્થનું શાસ્ત્ર, અછતનું શાસ્ત્ર અને પસંદગીનું શાસ્ત્રનો સમાવેશ થાય છે. જેની વિગતે માહિતી નીચે મુજબ છે.

### 1.2.1 સંપત્તિનું શાસ્ત્ર :

પ્રો. એડમ સ્મિથના મતે સમાજમાં કે અર્થતંત્રમાં જેમ જેમ વધુને વધુ સંપત્તિનું સર્જન થતું જશે તેમ તેમ આર્થિક પ્રવૃત્તિઓને વેગ મળશે. તેવી જ રીતે આર્થિક પ્રવૃત્તિઓને વેગ મળવાથી સંપત્તિનું સર્જન પણ થતું જશે, પરંતુ આ સંપત્તિનો ઉપયોગ કે ઉપભોગની બાબતમાં માનવવર્તન સૌથી જવાબદાર પરિબળ ગણાય છે. માનવીનું આર્થિક વર્તન આ સંપત્તિનો યથાયોગ્ય ઉપયોગ કરશે કે જેની સમાજ વ્યવસ્થા ઉપર અનુકૂળ અસર પડે ? શું સંપત્તિનો બગાડ થાય કે બિન ઉત્પાદકીય થાય તો સમાજવ્યવસ્થા કે આર્થિક કલ્યાણની વ્યવસ્થા પર ખરાબ અસર થશે? આ બાબતોનો અભ્યાસ કરવાનું કામ સંપત્તિનું શાસ્ત્ર કરે છે તેમજ તેની સાથે કલ્યાણનો ખ્યાલ જોડાયેલો છે.

### 1.2.2 કલ્યાણનું શાસ્ત્ર :

પ્રો. એડમ સ્મિથના મતાનુસાર સમાજ કે અર્થતંત્રમાં સંપત્તિના સર્જનની સાથે સાથે કલ્યાણ પણ વધવું જોઇએ, આર્થિક પ્રવૃત્તિઓ કલ્યાણકારી હોવી જોઇએ. કલ્યાણકારી આર્થિક પ્રવૃત્તિથી આર્થિક સમાનતા વધે છે અને છેવટે સમાજનું કલ્યાણ વધે છે જેમ કે, ગાંધીજીનો વાલીપણાનો સિદ્ધાંત. વર્તમાનમાં કલ્યાણનું અર્થશાસ્ત્રએ મુખ્ય અર્થશાસ્ત્રની સ્વતંત્ર શાખા તરીકે વિકાસ પામી ચૂક્યું છે. જેમાં કલ્યાણના અર્થશાસ્ત્રના પિતા તરીકે પ્રો. એ.સી.પીગુની ગણના છે. તે ઉપરાંત પ્રો. પરેટો, પ્રો. બર્ગસન, પ્રો. જે. આર. હિક્સ, પ્રો. નિકોલસ કાલ્ડોર, પ્રો. સેમ્યુલ્સન, પ્રો. કેનેથ એરો, પ્રો. રાઉલ્સ, પ્રો. લીટલ અને પ્રો. અમર્ત્ય સેન જેવા અર્થશાસ્ત્રીઓનો સૌથી મોટો ફાળો રહ્યો છે.

### 1.2.3 સ્વાર્થનું શાસ્ત્ર :

પ્રો. એડમ સ્મિથના મતે અર્થશાસ્ત્ર અને સ્વાર્થ એક સિક્કાની બે બાજુ છે. સમાજનો દરેક વ્યક્તિ દરેક આર્થિક પ્રવૃત્તિ માત્ર સ્વાર્થવૃત્તિ, લાભ, નફો વગેરેથી પ્રેરાઇને કરે છે, જેમ સ્વાર્થ જન્મજાત છે તેમ અર્થશાસ્ત્ર પણ જન્મજાત છે. આ બાબત સમજવા માટે કેટલાક સાચા ઉદાહરણો લઇએ. જેમ કે કોઇ નાનું બાળક રમાડવું આપણને ખુબ જ ગમે પરંતુ, તે બાળક આપણી પાસે ન આવે તો શું કરવું? તે માટે તેને ચોકલેટ બતાવવી અને તે આપણી પાસે આવશે? જોયું ને સ્વાર્થનું અભિસંધાન થયું. આવા એક કે બે પ્રસંગો પછી તે પાંચમી વાર તે બાળકને ગાલ પર તમાચો મારવામાં આવે તો તેનાં સ્વાર્થ પૂર્ણ થઇ જાય. આવુ જ મોટા બાળકોના સંદર્ભમાં, યુવાનોના સંદર્ભમાં,

વડીલોના સંદર્ભમાં અને વૃદ્ધોના સંદર્ભમાં પણ બને છે. જો કે અપવાદરૂપ કિસ્સાઓ હોઇ શકે. જેમ કે, તમારા જેવો કોઇ વિદ્યાર્થી પોતાની વધુ પડતી માંગને સંતોષવા માટે ઘર છોડી ચાલી જાય ત્યારે સમજવું કે તેનામાં અર્થશાસ્ત્રનું જ્ઞાન નથી. કારણ કે આપણે આપણા પિતાશ્રી કે માતાશ્રી પાસેથી તેની મર્યાદાની બહાર હોય તેવી માંગણીઓ ક્યારેય કરતા નથી. પરંતુ જેઓ આવું કરે છે તેને અર્થશાસ્ત્રના સ્વાર્થનું જ્ઞાન નથી તેમ કહી શકાય.

**1.2.4 અછતનું શાસ્ત્ર :**

પ્રો. એમડ સ્મિથ કહ્યું છે કે અછતનું શાસ્ત્ર એટલે અર્થશાસ્ત્ર તેમના મતે સમાજમાં કે અર્થતંત્રમાં જે વસ્તુઓની છત હોય છે. તેનું મૂલ્ય ઓછું હોય છે અને જે વસ્તુની અછત હોય છે તેનું મૂલ્ય ઊંચું હોય છે. એટલે જ કોલસો, સોનું, ચાંદી, પિત્તળ, લોખંડ અને માટી આ બધાના મૂલ્ય તફાવત એ છત-અછતની બાબતોના આધારે નક્કી થાય છે. જેને વિગતવાર ફરીથી ચર્ચા કરીશું.

**1.2.5 પસંદગીનું શાસ્ત્ર :**

પ્રો. એડમ સ્મિથે કહ્યું છે કે પસંદગીનું શાસ્ત્ર એટલે અર્થશાસ્ત્ર આપણા સૌનું સમાજજીવન અને આર્થિક જીવન ઘણી બધી પસંદગીઓથી ઘેરાયેલું છે. આપણે સવારે ઉઠીને રાત્રી સુધી સતત વચ્ચે જીવીએ છીએ. આપણી ઇચ્છા બધી જ પસંદગીઓને પૂર્ણ કરવાની છે પરંતુ નાણાંની અછતને કારણે કેટલીક પસંદગી જ પૂર્ણ થાય છે એટલું જ નહીં આપણી બધી જ પસંદગીઓ બુદ્ધિપૂર્વકની અને તાર્કિક હોય છે કે જેથી આપણને મહત્તમ સંતોષ પ્રાપ્ત થાય.

આમ, પ્રો. એડમ સ્મિથે સંપત્તિનું શાસ્ત્ર નામના પુસ્તકમાં અર્થશાસ્ત્ર વિષય મૂળભૂત લાક્ષણિક્તાની વાત કરી છે તેથી જ તેને "અર્થશાસ્ત્રના પિતા" તરીકે ઓળખવામાં આવે છે. પ્રો. વિલિયમ જેવોન્સ, પ્રો. જે.બી.સે., પ્રો. ડેવિડ રિકાર્ડો, પ્રો. લોકે, પ્રો.આલ્ફ્રેડ માર્શલ, પ્રો. માલ્થસ, પ્રો. લિયોન વોલરામ વગેરે જેવા અર્થશાસ્ત્રનું અર્થશાસ્ત્ર વિષયમાં મોટું પ્રદાન રહ્યું છે. આ બધા જ અર્થશાસ્ત્રીઓએ અર્થશાસ્ત્રની વ્યાખ્યા આપવાનો પ્રયાસ કર્યો છે પરંતુ, અર્થશાસ્ત્રની સંપૂર્ણ વ્યાખ્યા આપવાનું કાર્ય પ્રો. લાયોનલ રોબિન્સે કર્યું છે.

## 1.3 પ્રો. લાયોનલ રોબિન્સની વ્યાખ્યા :

પ્રો. લાયોનલ રોબિન્સ (જન્મ-1898-મૃત્યુ-1984) લંડન સ્કૂલ ઓફ ઇકોનોમિક્સ ભણેલા બ્રિટીશ અર્થશાસ્ત્રી હતા. તેમણે મુખ્ય અર્થશાસ્ત્રની મુખ્ય વ્યાખ્યા આથી છે. જે મુળભૂત રીતે અંગ્રેજી ભાષામાં છે. પરંતુ આપણે અંગ્રેજી અને ગુજરાતી બંને ભાષામાં આ સર્વ સ્વીકાર્ય વ્યાખ્યા જોઇશું.

"Economics is the science, which studies human behaviour as a relationship between ends and scare means, which have alternative uses"

***-Prof. Lionel Robbins***

"અર્થશાસ્ત્રએ વિજ્ઞાન છે, જે માનવીની અમર્યાદિત જરૂરયાતોને સંતોષવા માટે મર્યાદિત સાધનોની કેવી રીતે વૈકલ્પિક ઉપયોગ કરવો, તેમાં માનવનર્તનનો અભ્યાસ કરે છે."

***-પ્રો. લાયોનલ રોબિન્સ***

ઉપરોક્ત વ્યાખ્યા મુખ્ય અર્થશાસ્ત્રની મુખ્ય વ્યાખ્યા છે અને સર્વસ્વીકાર્ય વ્યાખ્યા હોવાથી તેની મર્યાદો ઘણી જ ઓછી છે. પરંતુ અર્થશાસ્ત્રના વિદ્યાર્થીઓને આ વ્યાખ્યા તો યાદ હોવી જ જોઇએ. આપણે અગાઉ જોયું કે પ્રો. એડમ સ્મિથથી શરૂ કરીને પ્રો. રોબિન્સ સુધીના બધા જ અર્થશાસ્ત્રીઓએ વ્યાખ્યા આપી છે તો આ વ્યાખ્યા એવું તો શું જ્ઞાન આપે છે કે જે સર્વસ્વીકાર્ય બની ગઇ તો ચાલો પ્રો. રોબિન્સની આ વ્યાખ્યાને ઊંડાણપૂર્વક સમજીએ.

અર્થશાસ્ત્રના વિદ્યાર્થી મિત્રોને એમ કહી શકાય કે જાનમાં વરરાજાનું જેટલું મહત્ત્વ હોય તેટલું જ મહત્ત્વ અર્થશાસ્ત્રમાં આ વ્યાખ્યાનું છે. આ વ્યાખ્યાનું પ્રથમ વાક્ય છે કે "અર્થશાસ્ત્ર વિજ્ઞાન છે." તો પ્રશ્ન થાય કે વિજ્ઞાન એટલે શું ? તો તેની વ્યાખ્યા છે. કે "The systemetic knowledge of Universe"

"આ બ્રહ્માંડનું પદ્ધતિસરનું જ્ઞાન એટલે વિજ્ઞાન". ડૉ. વિક્રમ સારાભાઇએ કહ્યું છે કે "જે બાબત માહિતી અવલોકન, પૃથ્થકરણ અને સાબિતી ધૂરા રજૂ કરી શકાય તે વિજ્ઞાન છે" મિત્રો, આ વ્યાખ્યા પ્રમાણે વિજ્ઞાન અને વાર્તા વચ્ચે મુખ્ય તફાવત જો કોઇ હોય તો તે સાબિતી છે. જો સાબિતી કરી શકાય તો વિજ્ઞાન અને સાબિતી ન કરી શકાય તો વાર્તા.

પ્રસ્તુત વ્યાખ્યામાં અર્થશાસ્ત્રને વિજ્ઞાન કહ્યું છે તો અર્થશાસ્ત્ર શું સાબિતી કરે છે? તો મિત્રો તેના જવાબમાં એમ કહી શકાય કે અર્થશાસ્ત્રના જેટલા સિદ્ધાંતો જે સમજૂતી આપે છે તે બજારરૂપી લેબોરેટરીમાં સાબિત કરી શકાય છે. ઉદાહરણ જોઇએ તો, પ્રો. માર્શલનો માંગનો સિદ્ધાંત "જો અન્ય પરિબળો યથાવત રહે તો કિંમત વધતા માંગ ઘટે છે અને કિંમત ઘટતા માંગ વધે છે." આ સિદ્ધાંત જે કહે છે તે વાસ્તવિકતામાં સાબિતી થાય છે, તમે અહિયા બેઠા બેઠા તમારા વિચારોને બજારમાં જવા દો અને જુઓ કે જે ચીજવસ્તુની કિંમત ઝડપથી ઘટે તેની માંગ ઝડપથી વધે અને કિંમત વધે તો માંગ ઘટે, જોયું મિત્રો આ છે સાબિતી તેથી કહી શકાય કે અર્થશાસ્ત્ર એ વિજ્ઞાન છે.

પ્રો. રોબિન્સની વ્યાખ્યાનો બીજો ભાગ છે કે જે માનવીની અમર્યાદિત જરૂરિયાતોનો અભ્યાસ કરે છે. સંપૂર્ણ વિશ્વમાં દરેક માનવીની જરૂરિયાતો અમર્યાદિત છે. તેથી માનવીને "ઇચ્છાનું પોટલું" કહેવાય છે. માનવી જે વસ્તુની માંગ કરે તે જરૂદિયાતમાંથી ઉદ્ભવે છે, જ્યારે જરૂરિયાત ઇચ્છામાંથી ઉદ્ભવે છે અને ઇચ્છા માનવીના મનમાંથી ઉદ્ભવે છે. મનોવિજ્ઞાન કહે છે કે માનવીનું મન ખુબ જ ચંચળ છે. તેથી માનવ જરૂરિયાતોનો કયારેય અંત આવતો નથી. ઇતિહાસમાં જુઓ તો ખ્યાલ આવે કે માનવ જરૂરિયાતને પૂર્ણ કરવાનું કામ ઇશ્વર કે પરમાત્મા પણ પૂર્ણ કરી શકતા નથી અને તેથી ધર્મગ્રંથોમાં જુઓ તો ખ્યાલ આવે છે કે જેને જેને ઇશ્વર પ્રસન્ન થયા છે તેને કહ્યું છે કે બેટા તું એક વચન માંગી લે પરંતુ, કોઇને પણ અમર્યાદિત વચનો આપ્યા નથી. કારણ કે માનવીની અમર્યાદિત જરૂરિયાતો ઇશ્વર પણ પૂર્ણ કરી શકે તેમ નથી તેમ છતા, માનવી કેટલો તાર્કિક છે કે, જેને ઇશ્વરે એક જ વચન આપ્યું તેમાં પણ માનવીને કેટલું બધુ માંગી લીધુ હોય. ઉદાહરણ તરીકે હિરણ્યકશ્ય નામના રાક્ષસ રાજાને ઇશ્વર પ્રસન્ન થયા અને કહ્યું ભક્ત, એક વરદન માંગી લે, તો રાજા શું માગ્યું કે "મને કોઇ રાત્રે ન મારે, દિવસે ન મારે, ઘરમાં ન મારે, ઓસરીમાં ન મારે, લોખંડથી ન મારે, પીત્તિળથી ન મારે માનવી ન મારે, પરમાત્મા ન મારે." જોયું ને મિત્રો આ છે માનવીની અમર્યાદિત જરૂરિયાતો.

પ્રો. રોબિન્સની વ્યાખ્યાનો ત્રીજો ભાગ છે મર્યાદિત સાધનો, માનવનીની જરૂરિયાતો અમર્યાદિત છે પરંતુ, તેને સંતોષવાના સાધનો મર્યાદિત છે. એટલે કે આપણા સૌના ખિસ્સામાં મર્યાદિત નાણાં છે. મર્યાદિત નાણાં હોવાથી આર્થિક પસંદગીઓમાં માનવીને વિકલ્પોની પસંદગી કરવાની રહે છે. માનવીની સાથે ઘણી બધી પસંદગીઓ આવે છે અને આ પસંદગીઓ વચ્ચે માનવીના મગજમાં પસંદગીનું યુદ્ધ ચાલે છે જેને, અર્થશાસ્ત્રમાં 'માનવીનું વર્તન' કહેવાય છે. તેથી માનવીના આ તર્કબધ્ધ વર્તનનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવાનું કાર્ય અર્થશાસ્ત્ર વિષય કરે છે. હવે આ મુદ્દાને વિગતવાર સમજાવવા માટે હું તમને એક અર્થશાસ્ત્રી વાણિયાની વાર્તા કહું, એક વાણિયો હતો તેને ઇશ્વર પ્રસન્ન થયા અને કહ્યુ કે માંગ બેટા હું તને એક વચન આપું છું. જાણો છો આ વાણિયાએ શું માગ્યું ? તેને કહ્યું કે હે ઇશ્વર! હું મારી સાતમી પેઢીના બાળકને સોનાના હિંડોળામાં હિંચકાવતો હિંચકાવતો ખીર ખાતો હોય તેવું વરદાન આપો. ભગવાને કહ્યું તથાસ્તુ ! હવે વિચારો કે એક જ વરદાનમાં આ વાણિયાએ કેટલું માંગી લીધું ? આ વાણિયો સાતમી પેઢીના બાળકને રમાડતો હોય એટલે સાતસો વર્ષનું આયુષ્ય માંગી લીધુ. સોનાના હિંડોળે માનવી ત્યારે જ હિંચકા ખાય કે જ્યારે તેની પાસે બધુ જ સોનાનું હોય, એટલે કે સાત પેઢી સુધી ખાઇ શકે તેટલી અપાર ધનસંપત્તિ માંગી લીધી. ત્રીજી વાત ખીર ખાતો હોય એટલે કે નિરોગી સ્વાસ્થ્ય માંગી લીધુ અને છેલ્લું સૌથી અગત્યનું જે સંતાનસુખ માંગી લીધુ, વિચારો મિત્રો, જેની પાસે અખૂટ ધનસંપત્તિ હોય, તેને ભોગવવા માટે લાંબુ આયુષ્ય હોય, તંદુરસ્તી હોય અને સંતાનોનું સુખ હોય તેને બધી જ આર્થિક જરૂરિયાતો વર્તમાન સમયમાં પૂર્ણ થયેલી ગણાય.

આમ, પ્રો. લાયોનલ રોબિન્સની વ્યાખ્યા અર્થશાસ્ત્રને ઘણું ઊંડાણપૂર્વક સમજાવે છે અને આર્થિક માનવીના આર્થિક વર્તનનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરે છે. જો કે પ્રો. રોબિન્સની વ્યાખ્યાની ઘણી

બધી મર્યાદાઓ છે. તેમ છતા આ વ્યાખ્યાને સર્વ સ્વીકાર્ય વ્યાખ્યા તરીકે ઓળખવામાં આવે છે. તેમજ મુખ્ય અર્થશાસ્ત્રની મુખ્ય વ્યાખ્યા ગણાય છે. પ્રો. રોબિન્સ પછી પ્રો. પીગુ, પ્રો. જે.આર. હિક્સ, પ્રો. કોલ્ડોર, પ્રો. જે.એમ. કેઇન્સ, પ્રો. જગદીશ ભગવતી, પ્રો. અમર્ત્ય સેન, પ્રો. જે.બી. ક્લાર્ક, શ્રીમતિ જોન રોબિન્સન, પ્રો. ચેમ્બરલીન વગેરે જેવા ઘણાં બધાં અર્થશાસ્ત્રીઓએ અર્થશાસ્ત્રને વિકસાવવા માટે ઘણું જ નોંધપાત્ર યોગદાન આપેલ છે.

## 1.4 અર્થશાસ્ત્રનું સ્વરૂપ :

આપણે અગાઉ જોયું તે પ્રમાણે અર્થશાસ્ત્રએ વિજ્ઞાન છે, જે માનવીની અમર્યાદિત જરૂરિયાતોને સંતોષવા માટે મર્યાદિત સાધનોનો કેવી રીતે વૈકલ્પિક ઉપયોગ કરવો, તેમાં માનવવર્તનનો અભ્યાસ કરે છે. પ્રો. રોબિન્સની આ વ્યાખ્યા એ સમજાવે છે કે માનવીની આર્થિક પ્રવૃત્તિમાંથી ઉત્પન્ન થતા આર્થિક પ્રશ્નો, તેને ઉકેલવાની આર્થિક પદ્ધતિઓ, તેનો અમલ કરવા માટેની આર્થિક નીતિઓ વગેરે બાબતો પ્રત્યે માનવીના વર્તનનો અભ્યાસ કરવાનું કાર્ય અર્થશાસ્ત્ર કરે છે. અર્થશાસ્ત્ર આર્થિક પ્રવૃત્તિઓની સાથે સાથે માનવીની સામાજીક પ્રવૃત્તિનો પણ અભ્યાસ કરે છે. તેથી તે સામાજીક વિજ્ઞાન પણ છે. અર્થશાસ્ત્ર શ્રેષ્ઠ કલા તરીકે પણ ભૂમિકા ભજવે છે. તેમજ નૈતિકતા, કલ્યાણ, નિત્કર્ષ વગેરે બાબતોનો પણ અભ્યાસ કરે છે તો ચાલો મિત્રો તેનું સ્વરૂપ વિગતવાર સમજીએ.

### 1.4.1 અર્થશાસ્ત્રએ વિજ્ઞાન છે :

શિષ્ટ અર્થશાસ્ત્રીઓ અર્થશાસ્ત્રને શુદ્ધ વિજ્ઞાન તરીકે રાખવાની હિમાયત કરે છે. જો અર્થશાસ્ત્ર પણ શુદ્ધવિજ્ઞાન હોય તો તેમાં ચોક્કસ કારણ અને પરિણામ વચ્ચે સંબંધ હોય છે. વિજ્ઞાનમાં ચમત્કારને બદલે સાબિતીની જરૂરિયાત રહે છે. અર્થશાસ્ત્ર વિજ્ઞાન હોય તો તેનાથી સંબંધિત વિવિધ તથ્યોને વિગતવાર વ્યવસ્થિત રીતે એકત્રિત, કાર્ગીકૃત અને વિશ્લેષણ કરીને માનવીના આર્થિક વર્તનની તપાસ કરવામાં આવે છે, વિશાળકાય કંપનીઓમાં નાણાંની ફાળવણી, ઉદ્દેશો, અમલીકરણ વગેરે બાબતો પર અર્થશાસ્ત્ર વૈજ્ઞાનિક ઢબે કાર્ય કરે છે.

### 1.4.2 અર્થશાસ્ત્ર સામાજીક વિજ્ઞાન છે.

માનવી સામાજીક પ્રાણી છે તેથી માનવીને સૌથી વધારે ડર સમાજનો લાગે છે. સમાન માનવવર્તનને નિયત્રિત કરવામાં મોટી ભૂમિકા ભજવે છે. અર્થશાસ્ત્ર એક સામાજીક વિજ્ઞાન તરીકે સામાજીક પાસાઓને સમજવા માટે માનવીના આર્થિક કે સામાજીક વ્યવહારોનો તર્કપૂર્ણ અભ્યાસ કરે છે. સામાજીક વ્યવહારોને કારણે સર્જાતી આર્થિક કટોકટી, અસમાનતા વગેરેનો અભ્યાસ કરે છે. આમ, અર્થશાસ્ત્ર સામાજીક વિજ્ઞાન તરીકે સામાજીક વર્તણૂંકનો અભ્યાસ કરે છે.

### 1.4.3 અર્થશાસ્ત્ર વાસ્તવલક્ષી વિજ્ઞાન છે.

અર્થશાસ્ત્ર વાસ્તવલક્ષી વિજ્ઞાન કે હકારાત્મક વિજ્ઞાન તરીકે ભૂમિકા પૂરી પાડે છે. વાસ્તવલક્ષી વિજ્ઞાન એટલે શું છે ? (What is ?) તેનો જ અભ્યાસ કરે છે. સારૂ છે કે ખરાબ છે. તેની કોઇ જ સલાહ વાસ્તવિક વિજ્ઞાન આપતું નથી. શિષ્ટ અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે અર્થશાસ્ત્રએ માત્ર વાસ્તવિક વિજ્ઞાન તરીકે જ ભૂમિકા ભજવવી જોઇએ. તેને બીજી કોઇ બાબતમાં પડવાની જરૂર નથી. પ્રો. મિલ્ટન ફ્રિડમેન જણાવે છે વાસ્તવિક વિજ્ઞાનનો છેલ્લો ઉદ્દેશ નિયમ કે નિયમની ઉત્કલ્પના વિકસાવવાનો છે તેમજ તેનાથી ચોક્કસ પ્રકારની ભવિષ્યના સંદર્ભમાં આગાહીઓ કરી શકાય. અર્થશાસ્ત્રમાં આર્થિક ખ્યાલો કઇ કઇ લાક્ષણિક્તા ધરાવે છે, તેના કારણો અને અસરો વચ્ચે કેવા સંબંધો છે, તેનો અભ્યાસ વાસ્તવિક વિજ્ઞાન તરીકે અર્થશાસ્ત્ર કરે છે. વાસ્તવિક વિજ્ઞાન તરીકે કારણો અને પરિણામોનું સામાન્યીકરણ કરીને તેને સૈદ્ધાંતિક સ્વરૂપે મૂકવામાં આવે છે. તેમજ ચોક્કસ માળખું રચીને ભૂતકાળના આધારે ભવિષ્યની ચોક્કસ આગાહીઓ કરી શકાય છે. પ્રો. સેમ્યુલ્સન જણાવે છે કે અર્થશાસ્ત્ર વાસ્તવિક વિજ્ઞાન તરીકે આર્થિક અભિગમો અંગેનું સામાન્યીકરણ કરીને માળખાને સ્વીકારે છે તેમજ તેના દ્વારા પરિસ્થિતિમાં થતા પરિવર્તનોના કારણો અને અસરોની આગાહી કરી શકાય છે. પ્રો. લાયોનલ રોબિન્સ અર્થશાસ્ત્રને શું વાસ્તવિક વિજ્ઞાનની કરવામાં મુકે છે તેના મતે અર્થશાસ્ત્ર પરિસ્થિતિનું

તટસ્થાપૂર્વક નિરૂપણ કરીને સાધનો પ્રત્યે તટસ્થ રહે છે. તેમજ કાર્યકારણ વચ્ચેનો સંબંધ સ્થાપિત કરીને તેના આધારે સિદ્ધાંતો પ્રસ્થાપિત કરે છે. આમ અર્થશાસ્ત્રએ શુદ્ધ વિજ્ઞાન રહેવું જોઇએ તેવું પ્રો. લાયોનલ રોબિન્સ માને છે.

જે વિજ્ઞાન વાસ્તવિક પરિસ્થિતિ, પ્રશ્નો, સંજોગોનો તટસ્થતાપૂર્વક અભ્યાસ કરે છે તેમજ પરિસ્થિતિનું વાસ્તવિક નિરૂપણ કરીને વાસ્તવિક વિજ્ઞાન તરીકેની ભૂમિકા બજાવે છે. પ્રો. જે.એમ. કેઇન્સ જણાવે છે. વાસ્તવિક વિજ્ઞાનને એ રીતે વ્યાખ્યાબદ્ધ કરી શકાય કે જે સંકળાયેલા જ્ઞાનની વ્યવસ્થિત પદ્ધતિ નક્કી કરે છે. વર્તમાન સંદર્ભમાં જોઇએ તો અર્થશાસ્ત્ર વાસ્તવિકતાના સંદર્ભમાં હકીકતોનો અભ્યાસ કરે છે. તે મોટી સંખ્યામાં આર્થિક સમસ્યાઓ અને પ્રશ્નોની જાણકારી મેળવે છે કે અભ્યાસ કરે છે.વાસ્તવલક્ષી અર્થશાસ્ત્રમાં કયું ઉત્પાદન થયું? કેટલું ઉત્પાદન થયું ? કેટલી કિંમત નક્કી થઇ? કંપની કેટલો નફો મેળવે છે ? કયા સાધનો ઉપલબ્ધ છે ? કઇ આર્થિક સમસ્યાઓ ઉદ્ભવી છે ? બેરોજગારી અને ભાવની અસ્થિરતા કેવી છે ? વગેરે બાબતોનો હકીકતોને આધારે અભ્યાસ કરે છે.

### 1.4.4 અર્થશાસ્ત્ર આદર્શલક્ષી વિજ્ઞાન છે :

અર્થશાસ્ત્ર જ્યારે વાસ્તવિક પ્રશ્નોને તપાસ્યા પછી તેનો ઉકેલ લાવવા માટે શું કરવું જોઇએ ? કેવા પગલાં લેવાવા જોઇએ ? શું હોવું જોઇએ ? શું થવું જોઇએ, શું ન થવું જોઇએ ? વગેરે બાબતોનો અભ્યાસ કરે છે તેથી તેને ‘આદર્શલક્ષી વિજ્ઞાન’ કહેવાય છે. આદર્શલક્ષી વિજ્ઞાન એ "શું હોવુ જોઇએ ? (What ought to be) " તેનું માર્ગદર્શન આપીને પરિસ્થિતિમાં સુધારો લાવવાનું કાર્ય કરે છે. પ્રો. થીગુ માને છે કે અર્થશાસ્ત્ર જેટલું વાસ્તવલક્ષી વિજ્ઞાન છે. તેટલું જ આદર્શલક્ષી વિજ્ઞાન છે. તેમજ પ્રો. જે.એમ. કેઇન્સ જણાવે છે કે અર્થશાસ્ત્ર વાસ્તવિક રીતે આર્થિક પરિસ્થિતિનો, પ્રશ્નોનો અને મુદ્દાઓનો અભ્યાસ કર્યા પછી કયાં પ્રકારની આર્થિક પરિસ્થિતિનું નિર્માણ થવું જોઇએ તેનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરે છે. આદર્શલક્ષી અર્થશાસ્ત્ર સાથે આર્થિક આદર્શોની દુનિયા સાથે સંકળાયેલ છે. આદર્શલક્ષી અર્થશાસ્ત્રનો હેતુ આર્થિક ઘટનાને નૈતિક અને નીતિમત્તાની દ્રષ્ટિએ મુલવીને દર્શાવવાનું છે કે આ આર્થિક ઘટના ઇચ્છનીય છે કે નહીં. આમ આદર્શલક્ષી અર્થશાસ્ત્ર મૂલ્યનિષ્ઠ નિર્ણયો સાથે સંકળાયેલ છે કે જે મૂલ્યો સમાજની નૈતિક, રાજકીય અને આદર્શ પ્રેરણામાંથી પ્રાપ્ત થાય છે. આદર્શલક્ષી અર્થશાસ્ત્ર સમાજના આર્થિક ધ્યેયને સિદ્ધ કરવાની આર્થિકનીતિ સાથે સંકળાયેલ છે. અયોગ્ય અથવા પ્રતિકૂળ આર્થિક પરિસ્થિતિ કઇ રીતે સુધારી શકાય તેના પગલા સૂચવવાનું કાર્ય આદર્શલક્ષી અર્થશાસ્ત્ર કરે છે. સામાન્ય રીતે રાષ્ટ્રીય આવકની સમાજના વિભિન્ન વર્ગો વચ્ચેની વહેંચણીની તપાસ કરવાનું કાર્ય અર્થશાસ્ત્ર કરે છે. જો રાષ્ટ્રીય આવક વહેંચણી અસમાન રીતે થઇ હોય તો તેને કઇ રીતે સમાનતા તરફ લઇ જવી ! કેવી રીતે અસમાનતાને નિવારવી ? કઇ રીતે સાધનોની ફાળવણી ? કરવી વગેરે બાબતોમાં સલાહ સૂચનો આપવાનું કાર્ય અર્થશાસ્ત્ર કરે છે.

### 1.4.5 અર્થશાસ્ત્ર કળા (Art) છે.

કોઇપણ પ્રકારના કાર્યને શ્રેષ્ઠ રીતે કરવાની, બતાવવાની કે દર્શાવવાની રીત એટલે કલા. અર્થશાસ્ત્ર કળા તરીકેની ભૂમિકા ભજવે છે. કલાએ ચોક્કસ ધ્યેયની પ્રાપ્તિ માટે સિદ્ધાંતોની ક્રમબદ્ધ પધ્ધતિ છે. અર્થશાસ્ત્ર દરેક આર્થિક સમસ્યાઓનાં ઝિણવટપૂર્વક અભ્યાસ કરે છે, તપાસે છે તેમજ વૈજ્ઞાનિક ઢબે તેના ઉકેલો સૂચવે છે. આ ઉકેલો સૂચવીને તેનું વ્યવહારુ માર્ગદર્શન પૂરું પાડે છે. આમ અર્થશાસ્ત્ર વિજ્ઞાનની સાથેસાથે કલાત્મક તરીકે પ્રશ્નો કે સમસ્યાનું નિવારણ કરે છે. તેથી અર્થશાસ્ત્ર કલા છે. કેટલાક અર્થશાસ્ત્રીએ અર્થશાસ્ત્રને વિજ્ઞાન અને કલા બંને માને છે જયારે, કેટલાક અર્થશાસ્ત્રીઓ અર્થશાસ્ત્રને શુદ્ધ વિજ્ઞાન અને વ્યવહારુ વિજ્ઞાન માને છે. વાસ્તવમાં અર્થશાસ્ત્ર કલા અને વિજ્ઞાન બંને છે કારણ કે, આર્થિક ચલો, ગ્રાહકો અને કંપનીઓના વર્તન, બજાર અને અર્થતંત્રની પ્રકૃતિ, અન્ય આર્થિક ચલોનાં પરિવર્તનો વગેરેનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરે છે. અર્થશાસ્ત્રમાં વિવિધ સિદ્ધાંતો, કાયદાઓ વગેરેને સામાન્ય હકીકતના આધારે સરળ બનાવવામાં આવે છે, જેથી સરળતાથી સમજી શકાય.

બીજી રીતે કહીએ તો અર્થશાસ્ત્રના જુદા જુદા સિદ્ધાંતો ગાફુસ, આંકડાઓ, કોષ્ટકો, ચાર્ટ્સ, સમીકરણો વગેરેની મદદથી કલાત્મક રીતે સમજાવી શકાય છે તેમજ તેમનું સામાન્યીકરણ તમામ આર્થિક પાસાંઓને સરળતાથી લાગુ પાડી શકાય છે. આર્થિક ચલો વચ્ચેના સિદ્ધાંતો, કાયદાઓ કે અન્ય સંબંધોને સમજાવવા માટે કેટલીક ધારણાંઓ કરવામાં આવે છે. આ ધારણાઓ તેની શરતોને વ્યાખ્યાયિત કરે છે તેથી અર્થશાસ્ત્ર કલા છે.

અર્થશાસ્ત્ર માનવ સુખાકારી તેમજ નૈતિકમૂલ્યો સાથે સંબંધિત છે. તેથી અર્થશાસ્ત્ર વિજ્ઞાન અને કલા છે કારણ કે, વૈજ્ઞાનિક સિદ્ધાંતોને વ્યવહારમાં લાગુ પાડીને તેને હકારાત્મક તથા આદર્શમુલક અર્થશાસ્ત્ર બનાવે છે. તે ભવિષ્યની ઘટનાને ઓળખીને તેની આગાહી કરે છે. એટલું જ નહી પરંતુ તમામ મુદ્દાઓનો વિગતવાર અભ્યાસ કરી ઈષ્ટતમ નિષ્કર્ષ આપે છે.

## 1.5 ઉપસંહાર

વર્તમાન સમયના આર્થિક વિશ્લેષણમાં તથા વર્તમાન આર્થિક પ્રવાહમાં અર્થશાસ્ત્રનો પાયાનો ખ્યાલ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. અર્થશાસ્ત્રીઓના મતાનુસાર અર્થશાસ્ત્ર વિજ્ઞાન હોવાની સાથે સાથે સામાજીક વિજ્ઞાન તરીકેની ભૂમિકા બજાવે છે તેમજ માનવીની આર્થિક પ્રવૃત્તિઓ તથા બિન આર્થિક પ્રવૃત્તિઓનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરે છે. વિદ્યાર્થીમિત્રો, આપણે આ પ્રકરણમાં જોયું કે અર્થશાસ્ત્ર એટલે શું ? તેમજ તે માનવીના આર્થિક વર્તનનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરે છે. સમાજમાં રહેતો માનવી અમર્યાદિત જરૂરિયાતો અને મર્યાદિત સાધનો ધરાવે છે. તેથી જ તેમની પાસે વૈકલ્પિક પસંદગીઓ છે. આ પસંદગીઓ વચ્ચે તે સતત આર્થિક નિર્ણયો લેતો હોય છે ત્યારે અર્થશાસ્ત્ર વધુને વધુ વાસ્તવલક્ષી તથા આદર્શલક્ષી બનીને વર્તનનો અભ્યાસ કરે છે. સમાજમાં વ્યક્તિની અનેક જરૂરિયાતો વચ્ચે શ્રેષ્ઠ જરૂરિયાતની પસંદગી કરવાની ઘટનામાં અર્થશાસ્ત્ર કળા બની જાય છે. પ્રો. એડમ સ્મિથ, પ્રો. આલ્ફ્રેડ માર્શલ, પ્રો. લાયોનલ રોબિન્સ, પ્રો. એ. સી. પીગુ, પ્રો. કેઈનસ વગેરે અર્થશાસ્ત્રીઓએ અર્થશાસ્ત્રના વિકાસમાં ઘણું જ યોગદાન આપેલ છે.

## 1.6 ચાવીરૂપ શબ્દો (Key Word)

(1) અર્થ + શાસ્ત્ર, જેમાં અર્થ એટલે નાણું અને 'શાસ્ત્ર' એટલે સમજણ. એટલે કે નાણું કયાં, કેટલું અને કેવી રીતે વાપરવું તેની સામાન્ય સમજણ એટલે અર્થશાસ્ત્ર.

(2) Econo + Mics, જેમાં Econo નો અર્થ થાય છે. ઘરનો વહિવટ અને Mics નો અર્થ થાય છે. તમામ ક્ષેત્રોનો વહિવટ એટલે કે ઘર, ઓફિસ, કંપની કારખાનું તથા કોર્પોરેટ જગતમાં નાણું કયાં કેટલું અને કેવી રીતે વાપરવું તેનો વહિવટ એટલે Economics અથવા અર્થશાસ્ત્ર.

(3) "સંપત્તિનું શાસ્ત્ર", સંપત્તિનું શાસ્ત્ર એ પ્રો. એડમ સ્મિથ દ્વારા લખાયેલ પુસ્તકનું નામ છે જે અંગ્રેજીમાં "An Inquiry into the nature and causes of the wealth of nation" છે.

(4) અર્થશાસ્ત્રના "દાદા" અને "પિતા" ચાણક્ય નામના આપણા ઋષિને આપણે અર્થશાસ્ત્રના દાદા તરીકે તથા પ્રો. એડમ સ્મિથને આપણે સૌ 'અર્થશાસ્ત્રના પિતા' તરીકે ઓળખીએ છીએ.

(5) અર્થશાસ્ત્રની વ્યાખ્યા "અર્થશાસ્ત્ર એ જ્ઞાન છે, જે માનવીની અમર્યાદિત જરૂરિયાતોને સંતોષવા માટે મર્યાદિત સાધનોનો કેવી રીતે વૈકલ્પિક ઉપયોગ કરવો, તેમાં, માનવવર્તનનો અભ્યાસ કરે છે."

(6) વિજ્ઞાનની વ્યાખ્યા "The system of knowledge of universe" એટલે કે "આ બ્રહ્માંડનું પદ્ધતિસરનું જ્ઞાન એટલે વિજ્ઞાન"

(7) સામાજીક વિજ્ઞાન, સમાજમાં રહેતા માનવીનો તથા તેના વર્તનનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરવો એટલે સામાજીક વિજ્ઞાન.

(8) વાસ્તવલક્ષી વિજ્ઞાન, જે અર્થશાસ્ત્ર શું છે? (What is ?) તેનો જ અભ્યાસ કરે તેને વાસ્તવલક્ષી વિજ્ઞાન કહેવાય છે.

(9) આદર્શલક્ષી વિજ્ઞાન, જે અર્થશાસ્ત્ર "શુ હોવું જોઇએ?" (What ought to be?) તેનો અભ્યાસ કરે તેને આદર્શલક્ષી વિજ્ઞાન કહેવાય છે.

(10) અર્થશાસ્ત્ર એ કળા છે, અર્થશાસ્ત્ર તેના સિદ્ધાંતોને શ્રેષ્ઠ રીત પ્રદર્શિત કરીને કલાત્મક રીતે આકૃતિ દ્વારા, ગ્રાફ દ્વારા, ઉદાહરણ દ્વારા સમજૂતી આપે છે તેથી તે કળા છે.

(11) તૃષ્ટિગુણ : ચીજવસ્તુઓ તથા સેવાઓમાંથી પ્રાપ્ત થતો સંતોષ એટલે તૃષ્ટિગુણ.

(12) સમતૃપ્તિ રેખા/તટસ્થ રેખા, જે આ પરના બધા જ બિંદુઓ એકસરખો સંતોષ દર્શાવતા હોય તેને સમતૃપ્તિ રેખા કે તટસ્થરેખા કહેવાય છે.

(13) ઉત્પાદન વિધેય, અર્થતંત્રમાં ચોક્કસ સમયગાળા દરમિયાન થતા ઉત્પાદનનો આધાર જે ઘટકો પર રહેલો છે તે ઘટકો અને ઉત્પાદન વચ્ચેના સંબંધને ઉત્પાદન વિધેય કહેવાય.

(14) બજાર, જ્યાં ચીજવસ્તુ કે સેવાઓ, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ખરીદનારાઓ અને વેચનારાઓ વચ્ચે વિનિમય કરે તે સ્થળને 'બજાર' કહેવાય.

## 1.7 તમારી પ્રગતિ ચકાસો

**(ક) નીચેના પ્રશ્નોના વિસ્તારની જવાબ આપો.**

૧. અર્થશાસ્ત્ર શું છે ? અર્થશાસ્ત્રનો ઇતિહાસ લખો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

૨. અર્થશાસ્ત્રની લાયોનલ રોબિન્સે આપેલી વ્યાખ્યા વિસ્તારથી સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

૩. અર્થશાસ્ત્રનું સ્વરૂપ સમજાવો.

અથવા

અર્થશાસ્ત્ર કળા છે કે વિજ્ઞાન તે સમજાવો.

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

..................................................................

**(ખ) ટૂંકનોંધ લખો.**

૧. અર્થશાસ્ત્ર આદર્શલક્ષી અને વાસ્તવલક્ષી વિજ્ઞાન તરીકે.

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

.....................................................................

## 1.8 કેટલાક ઉપયોગી પુસ્તકોની યાદી.


(1) જોષી આર.સી અને ભટ્ટ જે.પી. (2015) ''સમગ્રલક્ષી અર્થશાસ્ત્ર'' ન્યુ પોપ્યુલર પ્રકાશન સુરત.

(2) જોષી આર.સી. અને ભટ્ટે જે.પી. (2015) ''એકમલક્ષી અર્થશાસ્ત્ર'' ન્યુ પોપ્યુલર પ્રકાશન સુરત.

(3) જોષી એમ.વી. (1996) ''એકમલક્ષી અર્થશાસ્ત્ર'' દર્પણ પ્રકાશન-રાજકોટ

(4) Ahuja H.L (2017) "An Anvanced Economics theory. Micro Econimics Analysis", S. Chand & Company

(5) જોષી એમ.વી. (2000) ''એકમલક્ષી અર્થશાસ્ત્ર'' ક્રિએટીવ પ્રકાશ-વેરાવળ

(6) જોષી એમ.વી. (2003) ''એકમલક્ષી અર્થશાસ્ત્ર'' અનડા પ્રકાશન અમદાવાદ

(7) Ram N. (1975) "An Introduction of Micro Econimics, Mc Millan Publicing House - New Delhi)